# ધો-૧૦ની પરીક્ષામાં આજે સામાજિક વિજ્ઞાનનું પેપર

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજવામાં આવી રહેલી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા હાલમાં ચાલી રહી છે. બોર્ડની પરીક્ષાના ભાગરૂપે આવતીકાલે ધોરણ-૧૦ની પરીક્ષામાં સામાજીક વિજ્ઞાનનું પેપર થશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આવતીકાલે અર્થશાસ્ત્રનું પેપર થશે. ધો-૧૦ની પરીક્ષામાં ૯મી તારીખે વિજ્ઞાનનાં પેપરના કારણે વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં દેખાયા હતા. પરીક્ષામાં કોઈપણ પ્રકારના ચોરીના બનાવને રોકવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પહેલાથી જ સુચના આપી દેવામાં આવી છે. પરીક્ષાના સાથે સંબંધિત મહત્વની સુચનાઓને પાળવા માટે તમામ વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું છે. ગઈકાલે સૌથી મહત્વના ગણાંતા વિજ્ઞાન અને ટેકનોલોજીના પેપરમાં વિદ્યાર્થીઓ ગુંચવાયેલા રહ્યા હતા. પ્રશ્નપત્રના પાંચ પ્રશ્નો બોર્ડના અભ્યાસક્રમની બહારના પુછવામાં આવ્યા હોવાની દલીલો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

# ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશનમાં વિવિધ વર્કશોપ યોજાયા

ગાંધીનગર, તા. ૧૦

ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓને મેનેજમેન્ટના વિષયોનું વર્ગખંડના નિયમિત અભ્યાસ સાથે-સાથે વ્યવહારૂ તાલીમ પણ મળે તે હેતુથી યોજવામાં આવતા અનેક કાર્યક્રમોની શૃંખલાના ભાગરૂપે કોલેજ કેમ્પસમાં જ માર્કેટિંગ, માનવ સંશોધન ફાઈનાન્સ, સોપ્ટસ્કીલ, એન્ટર પ્રિનીયારે યોગા તથા હ્યુમન રિસોર્સ જેવા વિષયો પર વિવિધ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

માર્કેટીંગ વિષય પર યોજાયેલા વર્કશોપમાં ટ્રેનર તરીકે દેવાંગ પટેલ ખાસ હાજર રહ્યા હતા. આ પ્રસંગે માર્કેટીંગનું વર્તમાન સમયમાં મહત્વ તેમજ વ્યક્તિગત છાપ તેમજ સોસિયલ મિડીયાનો સમન્વય કઈ રીતે કરી શકાય તેની સમજૂતી આપી હતી. વર્કશોપમાં ૮૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ફાઈનાન્સ વિષય પરના વર્કશોપમાં સેન્ટ્રલ યુનિવર્સિટીના વરિષ્ટ અધ્યાપિકા લીરી ડેનિસ મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. માઈક્રો ફાઈનાન્સ તથા જીવન ધોરણ વિષય પર માહિતી આપી હતી. જેમાં ૮૨ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

સોફ્ટિકલના વર્કશોપના ટ્રેનર તરીકે અમદાવાદના જાણીતા એન્જયુકેશન કાઉન્સલર નંદક પંડ્યાએ જીવનના વિવિધ ક્ષેત્રો તેમજ સંજોગોમાં વ્યક્તિગત તેમજ સામુહિક રિમુવીંગ એન્ડ ટાસ્ક મેનેજમેન્ટ તથા મોટીવેશન જેવા વૈવિધ્યસભર વિષયો પર દશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા રસપ્રદ માહિતી આપી હતી. આશરે ૮૭ વિદ્યાર્થીઓ આ વર્કશોપનો લાભ લીધો હતો. જેના કાર્યક્રમની જવાબદારી પ્રો. કૃતિ શાહ તેમજ પ્રો. જ્યોતી નેહરાએ સંભાળી હતી.

એન્ટરપ્રીન્યોરના વર્કશોપ આશરે ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અમદાવાદથી આવેલા આઈટી ઈન્ડસ્ટ્રીના ઉમેશ ભીમાણીએ સામાજીક ઉદ્યોગ સાહસીકતા સંદર્ભે વિદ્યાર્થીઓને માહિતગાર તેમજ જાગૃત કર્યા હતા. વિદ્યાર્થીઓને પોતાનું આગવુ ધંધાકીય સાહસ સ્થાપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના ઈન્ચાર્જ તરીકે પ્રો. પ્રજ્ઞેશ નવલખાએ જવાબદારી સંભાળી હતી.

માનવ સંસાધન તેમજ યોગા આ બન્ને વિષયો પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ટ્રેઈનર તરીકે શ્રીમતી મમતા રાવલ તેમજ શ્રી સુરી હાજર રહ્યા હતા. યુવાનોના નેતૃત્વના લક્ષણો તેમજ જરૂરીયાતો અંગે વક્તવ્ય આપ્યું હતું. જ્યારે યોગના વર્કશોપમાં શ્રીમતી મમતા રાવલે ધ્યાન તેમજ યોગાસનનનું રોજીંદા જીવનમાં મહત્વ અંગે જાગૃતતા ફેલાવવામાં આવી હતી. આ બન્ને વર્કશોપમાં અનુક્રમે ૮૫ તથા ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માનવ સંસાધનના વર્કશોપ ઈન્ચાર્જ તરીકે પ્રો. અમીત પ્રજાપતિ તથા પ્રો. શીતલ પટેલે જવાબદારી નિભાવી હતી. યોગાના વર્કશોપની જવાબદારી પ્રો. આશીષ ભુવા તથા ધર્મેન્દ્રભાઈ રાઠોડે સંભાળી હતી.

## શબ્દાવલી - ૫૦૦૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | |
| | ■ | | ■ | ૫ | ■ | | ■ |
| | ■ | | ■ | ૬ | | | |
| ૭ | ૮ | ■ | ૯ | | ■ | ■ | ■ |
| ■ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ | ૧૩ | | ૧૪ |
| ૧૫ | | | ૧૬ | ■ | | ■ | |
| | ■ | ૧૭ | | | | ■ | |
| | ■ | ૧૮ | | ■ | ■ | ૧૯ | |

### આડી ચાવી

૧. હાલ પૂરતું કામ રોકાઈ ન જાય તે માટેનું (૫)
૪. મહેચ્છા, મનોરથ (૨)
૬. રાજાશાહી, હકૂમત (૪)
૮. દૂનિયા નાચવાવાળી છે... જોઈએ (૫)
૧૧. જોરથી વાગે ત્યારે... વળતા વાર લાગે, મુર્છાવસ્થા (૨)
૧૩. આધાર વિનાનું (૪)
૧૫. વિશ્રામ (૩)
૧૭. ચોખાની એક જાત (૪)
૧૮. ઢોલ કે તબલા વગાડનાર (૪)
૨૧. નાડી, રગ (૨)
૨૨. ... વાલે તેરે મુંહ કાલા (૫)

### ઊભી ચાવી

૧. સાર-સંભાળ (૩)
૨. ચલણ (હિન્દીમાં) (૩)
૩. ત્વરા, સ્પીડ (૪)
૪. લક્ષણ (૩)
૫. રાજાઈ, ઠાઠમાઠવાળી (૨)
૭. 'મોટા'નો વિરોધી શબ્દ (૨)
૯. ચાકરી કરનાર (૩)
૧૦. પૃથ્વી, ધરણી (૨)
૧૨. પહોંચી વળે તેવું, ખમી લે તેવું (૫)
૧૩. બેભાન, અચેત (૪)
૧૪. ધમાલ (૩)
૧૫. આકાશ, નભ (૪)
૧૬. લક્ષ્મણના પ્રિય મોટાભાઈ (૨)
૧૯. આટલું... છે, પૂરતું છે (૨)
૨૦. બુચું, નાક બેઠેલું હોય તેવું (૨)

### શબ્દાવલી ૫૦૦૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) પકવાન (૩) છોભીલુ (૬) મનોરથ (૭) નત (૯) વધૂ (૧૦) મમ (૧૨) મનોહર (૧૫) નરાધમ (૧૭) રાહગીર (૧૮) તલ (૧૯) નટ

**ઊભી ચાવી :-** (૧) પરિધાન (૨) વાજીબ (૪) ભીતર (૫) ધામધૂમ (૮) તમરા (૧૧) મધરાત (૧૩) નોકર (૧૪) રઘવાટ (૧૫) નકલ (૧૬) મહલ

# ચિલોડા મોટા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય ખાતે શિવ જયંતિ મહોત્સવ ઉજવાયો




ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ પાસેના બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય કેન્દ્ર ખાતે મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે આયોજીત શિવ જયંતિ મહોત્સવના અંતર્ગત ચૈતન્ય ફૂલોના શિવલીંગ દર્શન અને ધ્વજવંદન કાર્યક્રમનું ઉદ્‌ઘાટન, કેપ કાપી જન્મજયંતિ, ચૈતન્ય ફૂલના ઝાંખીનું ઉદ્‌ઘાટન દીપ પ્રાગટ્ય, કેક બીલીપત્રના રૂપમાં બનાવી કેક કટીંગ કરી શિવ ભગવાનની જન્મ જયંતિ મનાવવા કાર્યક્રમમાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવમાં કાર્યક્રમનો શુભારંભ અગ્રણી મહાનુભાવોના શુભ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.બી. વાઘેલાના હસ્તે શિવલીંગ દર્શન, ચૈતન્ય ફૂલની ઝાંખી ધ્વજવંદન તથા કેક કાપવાની વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ઓમ એજેયુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ગિરીષભાઈ રાવલ, ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા તારાબેન, ચિલોડા ગામના ડે સરપંચ શ્રી જગદીશભાઈ પટેલ, ચિલોડા મોલના ગીરીશભાઈ પટેલ, શ્રી નટુભાઈ પટેલ પત્રકાર, માજી સરપંચશ્રી કેશાભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જન્મ જયંતિ મહોત્સમવાં ઉત્સાહભેર ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ મહાનુભાવોએ ધાર્મિક પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યા હતા.

**(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**

# ચિલોડામાં માર્ગોનું નવીનીકરણ પૂરજોશમાં

**ચિલોડા એપ્રોચ રોડ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા નાગરિકોની માંગ**



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશ દ્વાર સમા ચિલોડા જંકશન મથક ગણાતુ દિન પ્રતિદિન વિકાસ તરફ વધુ ઝોકના એંધાણોના શ્રીગણેશ થઈ ચુક્યું છે. પરિણામે ચિલોડા-નગરરચના-૧૭ મુજબની ટી.પી. સ્કીમ અન્વયે સરકાર દ્વારા માર્ગોનું નવીનીકરણની કામગીરી આરંભાતાં ગ્રામજનોમાં ટી.પી. સ્કીમ અંગે શંકા-કુશંકાના વમળો વેગવાન બન્યા છે. આમ ટી.પી. સ્કીમ પ્રમાણે અમદાવાદ-હાઈવેથી દહેગામ રોડના અડીને રોડનું કામ શરૂ થયું હતું. પરંતુ ગામના જાગૃત નાગરિકો દ્વારા મહામુલી જમીનો છીનવાઈ જશે તેવી ચિંતા સતાવતાં તથા બિલ્ડરલોબી વધુ સક્રિય જણાતાં તરહતરહની ચર્ચા વેગ બનતાં ખેડૂતોએ સખત વિરોધ તથા વાંધાજનક બાબતો રજૂઆત થતાં કામગીરીની ગતિમાં બ્રેક વાગતાં અત્યારે ખેડૂતો હાશકારો અનુભવી રહ્યા છે. ત્યાર બાદ ગુડા દ્વારા હાલમાં સરકારી જમીન પર ગ્રામ રસ્તાઓ બનાવવાની કામગીરી કરી રહ્યા છે. પરિણામે ચિલોડા ગ્રામનો મુખ્ય એપ્રોચ માર્ગ પર ૨૪ ફૂટનો બનાવવાથી રસ્તાની કામગીરી પૂરજોશમાં આરંભાઈ રહી છે. આમ છતા ગામનો મુખ્ય માર્ગની આજુબાજુ ગેરકાયદેસર દબાણોનો પ્રશ્ન હજુ માથાના દુઃખાવા જેવો પેચીદો બન્યો છે. પરિણામે પહોળો રસ્તો બનાવવાની સાથે જિલ્લા સત્તાવાહકો આ દબાણ દૂર કરવા ગ્રામજનોની તીવ્ર માંગ ઉઠવા પામી છે. આ દબાણોના રાફડાને લીધે દુકાનોની સામે આડેધડ વાહનોનું પાર્કીંગ તથા દુકાનનો માલસામાન રસ્તા પર અડીંગો જમાવવા ગણીવાર ગામના નાગરિકો વચ્ચે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી સર્જતા ઘર્ષણના બનાવો બને છે. પરિણામે સત્તાવાહકો આ દબાણો દૂર કરવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા દરેક નાગરિકોની માંગ પ્રવર્તી રહી છે.



શિવરાત્રીના પ્રસંગે તમામ શિવમંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી અને શિવાલયો ગુંજી ઉઠ્યાં હતા.

## યુપીએસસીની પરીક્ષા ગુજરાતીમાં લેવા માંગ

અમદાવાદ,તા. ૧૦

યુપીએસસીની પરીક્ષા ગુજરાતીમાં લેવાની જોગવાઈ ચાલુ રાખવાની માંગણી ભાજપ દ્વારા જોરદાર રીતે કરવામાં આવી છે. ભાજપના પ્રદેશ મીડીયા સંયોજક જગદીશ ભાવસારે ગુજરાતને અન્યાય કરતી કેન્દ્રની કોંગ્રેસ સરકારના નેતૃત્વ હેઠળ કાર્યરત યુપીએસસી દ્વારા ભારત સરકારની જુદી-જુદી પરીક્ષાઓ લેવામાં આવે છે.

# રાજ્યમાં ગરમીના પ્રમાણમાં વધારો

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ સહીત રાજ્યમાં હવે ધીરે-ધીરે ગરમીનું પ્રમાણ વધી રહ્યુંછે અને હવે ઉનાળો આકરો લાગી રહ્યો છે. ગરમી વધવાની સાથે જ બરફના ગોળાની લારીઓ, શેરડીનો રસ અને તડબુચનું વેચાણ શરૂ થઈ ગયું છે. આ ઉપરાંત રાત્રે નવ વાગ્યા પછી માર્ગો પર ટહેલવા નીકળતા લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. આજે રાજ્યમાં મહત્તમ તાપમાન અમરેલીમાં ૩૮.૩ ડિગ્રી નોંધાયું હતું.હવામાન વિભાગની આગાહી પ્રમાણે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા જેવા કે દીવ, દમણ અને દાદરનગર-હવેલીમાં ગરમીનું પ્રમાણ યથાવત રહેશે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રીની આસપાસ રહેવાની શકયતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૦ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૧ ટકા નોંધાયું હતું.અમદાવાદ સહીત રાજ્યમાં હવે બપોરે આકરો તાપ લાગે છે અને પંખા તથા એસીના વેચાણમાં વધારો નોંધાયો છે. આ ઉપરાંત ટોપી અને ગોગલ્સની ખરીદી પણ લોકો કરી રહ્યાં છે. રાજ્યમાં મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટમાં ૩૭ ડિગ્રી, રાજકોટ ૩૬, સુરેન્દ્રનગર ૩૬.૭, ગાંધીનગર ૩૬, ઈડર ૩૬.૨, વ.વિદ્યાનગર ૩૬.૬, વડોદરા ૩૭.૧, સુરત ૩૬.૨ ડિગ્રી નોંધાયુંહતું.તાપમાનમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આવનાર દિવસોમાં લોકોને વધારે તકલીફનો સામનો કરવો પડી શકે છે.

# પાલનપુરમાં પણ હીટ એન્ડ રનના બે બનાવમાં બેના મોત

પાલનપુર, તા.૧૦

બનાસકાંઠા જિલ્લામાં હીટ એન્ડ રનના કેસોમાં ચિંતાજનક વધારો થવા લાગ્યો છે. ગત રોજ મહાશિવરાત્રીના પવિત્ર દિન નિમીત્તે તાલુકાના બે અલગ અલગ સ્થળોએ બે વાહનોની ટક્કરથી બે વ્યક્તિઓનો ભોગ લેવાયો છે. સતત વધી રહેલા અકસ્માતોનો ગ્રાફ વધતો જાય છે પણ તંત્ર દ્વારા કડકાઈ કેમ કરાતી નથી તેને લઈ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. મહાશિવરાત્રીના દિવસે પાલનપુર તાલુકાના રતનપુર પાટીયા પાસે ઠાકોર પરિવારની ઠાકુર તેજલબેન રહે.રતનપુર ઉંમર-૧૦ તેની માતા સાથે ખેતરમાં જતી હતી ત્યારે સામેથી આવતી કારે ટક્કર મારતાં બાળા ફંગોળાઈ નીચે પટકાઈ હતી અને ગંભીર રીતે ઘાયલ થતાં તેને સારવાર માટે ખાનગી વાહનમાં સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર વેળા બાળાનું મોત થયું હતું. જેથી સિવિલ હોસ્પિટલનું વાતાવરણ ગમગીન બની જવા પામ્યું હતું.

અન્ય એક અકસ્માતમાં પાલનપુર તાલુકાના જગાણા ખાતે બન્યો હતો. જેમાં જગાણા હાઈવે પર મીલમાં નોકરી કરતા કિરીટકુમાર દિનેશચંદ્ર જોશી ઉંમર-૨૭ રહે. કાશીબાનગર પાલનપુરવાડા મિલમાંથી બપોરના સમયે જમવા માટે સાયકલ ઉપર જઈ રહ્યા હતા ત્યારે પાલનપુર તરફથી પુર ઝડપે આવી રહેલી કારે ટક્કર મારતાં સાયકલ સવારનું ઘટના સ્થળે જ મોત થયું હતું. કાર ચાલક ગાડી મુકીને ફરાર થઈ ગયો હતો. આ સંબંધમાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

તાલુકામાં હીટ એન્ડ રનના બે બનાવો બનતાં લોકોમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. બન્ને મામલામાં પોલીસે ગંભીરતા પૂર્વક તપાસ હાથ ધરી છે.

## સુરત કલાર્ક લાંચ લેતાં ઝડપાયો

સુરત, તા. ૧૦

સુરતના ઉધના વિસ્તારની સાંઈબાબા સોસાયટીની કારખાનેદારના કારખાના અને દુકાનોની આકારણી કરવાના અવેજ પેટે રૂપિયા પાંચ હજારની લાંચ માંગનાર સુરત મનપાના સાઉથ ઝોનના આકારણી કલાર્ક સુરત એસીબી એ ગોઠવેલ છટકામાં આબાદ ઝડપાઈ જતા કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સુરત લાંચ રુશ્વત કચેરીના સૂત્રોથી પ્રાપ્ત વિગતો મુજબ સુરતના રાંદેર રોડ તાડવાડી વિસ્તારમાં આવેલા દિવ્યપ્રભા સોસાયટીમાં રહેતા હરીવદન રમણલાલ કાપડ વણાટના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

# સે. ૨૫માં પરિણીતા પર ત્રાસ ગુજારતા સાસરિયા વિરૂદ્ધ ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સેક્ટર-૨૫ ખાતે આવેલ સહકાર કોલોનીમાં રહેતી એક પરિણીતાને તેના પતિ અને સાસરિયા દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાથી પરિણીતાએ સેક્ટર-૨૧ પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૨૫માં આવેલ સહકાર કોલોનીના મકાન નં. ૭૮માં રહેતા પરેશાબેન ભાવેશભાઈ ત્રિવેદી (ઉં.વ.૩૩)ના સાસરિયા વાળા અવારનવાર પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા અને મારજુડ પણ કરતા હતા. આથી કંટાળી પરિણીતા પરેશાબેને સેક્ટર-૨૧ પોલીસમાં પતિ ભાવેશ મહેન્દ્રભાઈ ત્રિવેદી, સાસુ મંજુલાબેન મહેન્દ્રભાઈ ત્રિવેદી તેમજ સંગીતાબેન દરજી ફરિયાદ આપતા પોલીસ ફરિયાદ નોંધી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# પેથાપુર ચાર રસ્તા પાસેથી પોલીસે દારૂના જથ્થા સાથે છ ની અટકાયત કરી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર ગામની સીમમાં સ્થિત મધુર પાર્લર પાસે સાત ઈસમો પાસે મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો હોવાની બાતમીના આધારે પ્રોબેશન ડીવાયએસપી સહીત પેથાપુરના પી.એસ.આઈ.એ બાતમી સ્થળે દરોડો પાડી કુલ ૧,૪૭,૩૦૦ના મુદ્દામાલ કબજે કરી છ ઈસમોની અટકાયત કરી હતી જ્યારે મુખ્ય આરોપી નાસી છુટવામાં સફળ રહ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગતરોજ રાત્રીના સમયે આશરે ૧૦.૧૫ કલાકે પેથાપુર ચોકડી પાસે આવેલ મધુર પાર્લરની નજીક લાલસિંહ બાબુસિંહ રાઠોડ (રહે. માણસા), જયદિપ અમરસિંહ વાઘેલા (રહે. પેથાપુર), ગોપાલ પરબતસિંહ રાઠોડ (રહે. દહેગામ), હસમુખ ભવાનભાઈ પારેખ (સેક્ટર-૨૪, શ્રીનગર સોસાયટી), જીગ્નેશ પરસુરામ (રહે. સે. ૨૪ પોસ્ટલ કોલોની), ભરત તેરસીંગ ડામોર સે. ૬ કાચા છાપરા અને મુખ્ય આરોપી ઉર્ફે કાલુ અમરસિંહ રાઠોડ સહિતના શખ્સો પાસે વિદેશી દારૂનો જથ્થો હોવાની ખાનગી બાતમી મળતા જિલ્લાના પ્રોબેશન ડીવાયએસપી જ્યોતિ પટેલ, પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ. કુહાડીયા અને સ્ટાફના માણસોએ બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો અને ૬૦ નંગ વિદેશી દારૂની બોટલો, ૯૫ નંગ ટીન, મારૂતિવાન, મોટરસાયકલ અને પાંચ મોબાઈલ મળી કુલ ૧,૪૭,૩૦૦નો મુદ્દામાલ કબજે કરી છ ઈસમોની અટકાયત કરી હતી જ્યારે એક ઈસમ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# નળસરોવર પક્ષીઓનો કુંભ મેળો : આનંદીબેન

અમદાવાદ, તા.૧૦

દેશના સૌથી મોટા જળપક્ષી અભ્યારણ અને છીછરા પાણીના સૌથી મોટા સરોવર નળ સરોવર ખાતે ૮.૫ હેક્ટર નવા વિસ્તારમાં સૃષ્ટી પ્રોજેક્ટ હેઠળ સૃષ્ટી બગીચાનું લોકાર્પણ શહેરી વિકાસ મંત્રી આનંદીબેન પટેલે કર્યું હતું.કેઈર્ન ઈન્ડિયા કંપનીના ગ્રીન બેલ્ટના પ્રયાસમાં વન વિભાગ ગુજરાત રાજ્ય અને ઓએનજીસીના સંયુક્ત ઉપક્રમે આરંભ સૃષ્ટી પ્રોજેક્ટના લોકાર્પણ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતુ કે, રામસર સાઈટ જાહેર થયેલું નળ સરોવર પક્ષીઓનો કુંભમેળો છે. ગુજરાતમાં પ્રવાસીઓ ઉત્તમ સગવડ સુવિધાઓ મેળવે, માહિતી અને જ્ઞાન મેળવી સ્થાનિકો માટે રોજગારીની વિપુલ તકો ઉભી થાય તે માટે સરકાર સક્રિય છે. સ્થાનિકોએ પણ રક્ષક બની પક્ષી અભ્યારણ્યમાં વિશ્વાસનું વાતાવરણ ઉભું કરી જિલ્લા વહીવટીતંત્રના પ્રયાસમાં જનસહયોગ આપવો પડશે. પાણી પર્યાવરણ અને સ્થળની સ્વચ્છતાએ અગ્રિમતા આપી સૌએ પક્ષીઓ અને પર્યટકોને કાળજી રાખી ગુજરાતના આતિથ્યને દીપાવીએ એમ કહી જિલ્લા પ્રભારી મંત્રી આનંદીબેન પટેલે પક્ષીઓની જેમ પોતાના લીડરોમાં વિશ્વાસ રાખવા જણાવ્યું હતું.પ્રવાસન મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ સ્વસ્થ સમાજ માટે ઓક્સિજન પાર્ક-બગીચાઓ બનાવી ગ્લોબલ વોર્મિંગ સામે રક્ષણ મેળવવા જણાવ્યું હતું. અતિથિપદેથી મંત્રીએ જણાવ્યું હતું કે, હજારો વનસ્પતિ અને જીવસૃષ્ટિના નિવાસસ્થાન નળ સરોવરમાં ૨૦૦ પ્રજાતિના યાયાવરપક્ષીઓ આવે છે. ગુજરાત રાજ્ય પ્રવાસનમાં કચ્છના સફેદરણ અને નળસરોવરનું જળ પક્ષી અભ્યારણ વિદેશીઓમાં લોકપ્રિય બની રહ્યું છે. ત્યારે લોકભાગીદારી મહત્વપૂર્ણ બની રહે છે.

પ્રવાસન વિભાગ, ખાનગી કંપની અને જનભાગીદારીથી ગ્લોબલ વોર્મિંગની સમસ્યાનો સામનો કરવા મંત્રીએ ભાર મુક્યો હતો. હરિતક્રાંતિના રૂપે ૮.૫ હેકટરમાં રચિત સૃષ્ટિ બગીચો સૌની પ્રેરણા બનશે.

**રાદડીયા બાદ** (પાના નં. ૮ નું ચાલુ)

અને આ આંતરીક જુથવાદ પક્ષમાં ભંગાણ પડવા સુધી પહોંચવા પામ્યો છે. કોંગ્રેસને તુટતી બચાવવામાં પ્રદેશના નેતાઓ સંપૂર્ણ નિષ્ફળ જવા પામ્યા છે. જો કે કોંગ્રેસ મોવડીમંડળ હવે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ સંગઠ્ઠન માળખામાં ધરમૂળથી ફેરફારો કરવાની દિશામાં વિચારણા હાથ ધરી છે અને ટૂંક સમયમાં પ્રદેશ અધ્યક્ષ બદલવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## રાષ્ટ્રીય સ્પર્ધા જીતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરના સેક્ટર-૨૦માં રહેતો મોહિત રાવલ આ ટીમમાં વાઈસ કેપ્ટન અને કો-ડ્રાઈવર હતો. મોહિત આ સ્પર્ધા અંગે વધુ વિગતો આપતા કહે છે કે, આ સ્પર્ધામાં દેશભરની ૨૭૬ ટીમોએ ભાગ લીધો હતો. તે પૈકીની ૧૨૦ ટીમે વર્ચ્યુઅલ રાઉન્ડ પુરો કર્યો હતો. જેમાં ગુજરાતની છ ટીમો પણ હતી. તેમાં અમારી ટીમે તૈયાર કરેલું વ્હીકલ કોસ્ટ ઈવેન્ટમાં પ્રથમ ક્રમે વિજેતા બન્યું હતું. આ એવૉર્ડ રાજ્યને પાંચ વર્ષ બાદ મળ્યો છે.

આ ઈવેન્ટમાં દરેક ટીમે રફ સિંગલ સીટેડ વ્હીકલ ડીઝાઈન કરવાનું હતું. દરેક વાતાવરણમાં ઓન રોડ - ઓફ રોડ, ઉબડ-ખાબડ વાળી, ઢાળવાળી જગ્યાએ ચાલી શકે તેવું વ્હીકલ બનાવવામાં મોહિતની ટીમ 'શતશ્વ'ને બે માસનો સમય લાગ્યો હતો. કૉલેજના પ્રોફેસરોના ગાઈડન્સ હેઠળ બનાવેલા આ વ્હીકલને સ્પર્ધામાં મોકલતા પહેલાં ટેસ્ટીંગના અનેક તબક્કાઓમાંથી પસાર થવું પડ્યું હતું. ડીઝાઈન પસંદ થયા બાદ તેને શતશ્વ ટીમે ખૂબ જહેમતથી બનાવી હતી. અને કૉલેજના કેમ્પસમાં ૨૦૦ કિ.મી. ઉપરાંતની સ્પીડે દોડાવાઈ હતી. ઈન્દોર ખાતે ગત તા. ૧૪થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલી ફાઈનલ ઈવેન્ટમાં પણ ઈન્સ્પેક્શન, એક્સલરેશન ટેસ્ટ, હિલ કલાઈમ્બ ટેસ્ટમાંથી પસાર થવું પડ્યું હતું.

મોહિત અને તેની ટીમે બનાવેલ વ્હીકલે દરેક રાઉન્ડમાં સારો દેખાવ કર્યો હતો. સ્પર્ધાના અંતે લોએસ્ટ કોસ્ટ ઓપ્ટીમમ ક્વૉલિટી સેગમેન્ટમાં મોહિતીની ટીમ પ્રથમ રહી હતી.

મોહિત રાવલ માટે આ સ્પર્ધા એટલા માટે પણ મહત્વની બની રહી હતી કે સ્પર્ધાના અંતે યોજાયેલા પ્લેસમેન્ટ કેમ્પમાં તેની પસંદગી પુનાની કંપની એઆઈએઆઈમાં થઈ છે. વાહનોના ટેસ્ટીંગ ક્ષેત્રે કાર્ય કરતી આ કંપનીમાં જોડાઈ મોહિત ભવિષ્યમાં પણ ગાંધીનગરને આવી જ રીતે ગૌરવ અપાવશે તેમાં કોઈ બેમત નથી.